


ખંડ-૫
અંક-૧
જાન્યુઆરી ૨૦૧૯


## કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
શ્રી મનિષ મકવાણા

પ્રચાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## ૨૦૧૮-૧૯ માં ઘઉંનું ઉત્પાદન અત્યાર સુધીની ૧૦૦ મિલિયન ટનની ઉંચી સપાટીને પાર કરી શકે છે......



દેશમાં શિયાળા દરમિયાન સારી હવામાન પરિસ્થિતિઓને લીધે, હાલની રવી ઋતુમાં ઘઉંનું ઉત્પાદન અત્યાર સુધીની ૧૦૦ મિલિયન ટનની ઉંચી સપાટીને પાર કરી શકે છે, તેમ એક વરિષ્ઠ ખેતીવાડી કમિશનર એસ.કે. મલહોત્રાએ જણાવ્યુ હતુ. વર્ષ ૨૦૧૭-૧૮ ના પાક વર્ષ (જુલાઇ-જૂન)માં વિક્રમ જનક ઘઉંનું ઉત્પાદન ૯૯.૭૦ મિલિયન ટન નોંધાયું હતું. કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૧૮-૧૯ ના રવી પાક માટે ઉત્પાદનના અંદાજની જાહેરાત ટૂંક સમયમાં જ કરશે. આ રવી ઋતુમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૮ લાખ હેક્ટર જેટલો ઘટાડો ૨૯૬ લાખ હેક્ટરમાં થવા છતાં ઘઉંના ઉત્પાદનમાં વધારો થવાની સંભાવના છે. ખેડૂતોને ઉત્પાદન ખર્ચના ઓછામાં ઓછા દોઢ ઘણાં ટેકાના ભાવો આપવાના સરકારના નિર્ણયના ભાગરૂપે સરકારે ઘઉંના લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) રૂ.૧૭૩૫ પ્રતિ ક્વિન્ટલ થી વધારીને રૂ.૧૮૪૦ પ્રતિ ક્વિન્ટલ કરેલ છે. ભારતીય ખાદ્ય નિગમ (એફસીઆઇ), અનાજની ખરીદી અને વિતરણ માટેની નોડલ એજન્સી છે, તે અને રાજ્ય સરકારની એજન્સીઓ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે

ઘઉંની ખરીદી કરે છે અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત ૮૦ કરોડથી વધુ ગરીબ પરિવારોને રૂ.૨ પ્રતિ કિલોના ભાવે અનાજનું વિતરણ કરે છે.

**ખેડૂતોની જીવનધોરણ અને આવકમાં વધારો કરવા કૃષક સહાય (કાલીયા) એ ખેડૂતોની લોન માફીનો વધુ સારો વિકલ્પ છે?.....**

## KALIA Yojana

**Krushak Assistance for Livelihood & Income Augmentation**

ખેડૂતોની જીવનધોરણ અને આવકમાં વધારો કરવા કૃષક સહાય માટેની યોજના માટે કાલીયા શબ્દ વપરાય છે. ખેતીની વધતી જતી તકલીફોથી ખેડૂતોને રાહત આપવાના વિકલ્પો ઘણી બધી રાજ્ય સરકારોએ અપનાવ્યા છે, જેમાં ઘણાં મુખ્યમંત્રીઓએ લોન માફી આપવાની જાહેરાત કરી હતી અને કેટલીક મોટી યોજનાઓ પણ અમલી બનાવી છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે દેશને કાલિયા યોજના હેઠળ એક નવી યોજના આપી છે, કે જેમાં નાના, સીમાંત અને જમીન વિહોણા ખેડૂતો માટે વીમા સહાય સાથે નાણાંકીય, આજીવિકા અને ખેતી સહાય પૂરી પાડશે તેવી અપેક્ષા છે. ખેડૂતોની જીવનધોરણ અને આવકમાં વધારો કરવા કૃષક સહાય માટેની (કાલીયા) યોજનાથી રાજ્યના લગભગ ૯૨ ટકા ખેડૂતોને લાભ થશે અને સરકારે આ યોજના માટે ત્રણ વર્ષ માટે રૂ.૧૦,૧૮૦ કરોડની બજેટની જોગવાઇ કરી છે.

આ યોજનાની મુખ્ય પાંચ લાક્ષણિકતાઓ કે જે ખેડૂતોને લાભ આપી શકે છે.

**૧) ખેતી માટે સહાયઃ** નાના અને સીમાંત ખેડૂતોને પાંચ ઋતુમાં રૂ.૨૫,૦૦૦ ની સહાય પૂરી પાડવામાં આવશે જેનાથી ખેડૂતો બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ જેવા કૃષિ નિક્ષેપોની ખરીદી કરી શકશે અને વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ દરમિયાન ખેત મજૂરીની ચૂકવણી અને અન્ય ખર્ચાઓ માટે તે સહાયનો ઉપયોગ કરી શકશે.

**૨) જીવન ધોરણ માટે સહાયઃ** દરેક જમીન વિહોણા ખેડૂતને કૃષિ સંલગ્ન નાના પ્રવૃતિઓ, જેવી કે બકરાં પાલન એકમ, બતક એકમ, મિની-લેયર એકમ, માછીમારો માટે મત્સ્યઉધોગ કીટ્સ, મશરુમ ખેતી અને મધમાખી ઉછેર વગેરે માટે રૂ.૧૨,૫૦૦ ની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવશે.

**3) નબળાં ખેત પરિવારો માટે સહાયઃ** નબળા અને જમીન વિહોણા ખેડૂતોને તેમની આજીવિકા માટે દર વર્ષે રૂ.૧૦,૦૦૦ ની નાણાંકીય સહાય મળશે. નબળાં ખેડૂતો અને જમીન વિહોણા ખેત મજૂરો કે જે વૃદ્ધ, અપંગ અથવા અન્ય બીમારીથી પીડાય છે કે અન્ય કારણોસર જે બધા નબળાં છે.

**૪) ખેડૂતો અને જમીન વિહોણા ખેત મજૂરો માટે જીવન વીમોઃ** ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરના તમામ બચત બેંક ખાતા ધારકને રૂ.330/- ના ખૂબ જ નજીવા પ્રીમિયમ દરે રૂ.૨ લાખનો જીવન વીમા હેઠળ આવરી લેવામાં આવશે. ઓરિસ્સા સરકાર ખેડૂતના જીવન વીમાનું રૂ. ૧૬૫/- વાર્ષિક પ્રીમિયમ ભોગવશે. ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરના તમામ બચત બેંક ખાતા ધારકને રૂ.૧૨/- ના ખૂબ જ નજીવા વાર્ષિક પ્રીમિયમ દરે રૂ.૨ લાખના વ્યકિતગત અકસ્માત વીમા હેઠળ આવરી લેવામાં આવશે. વ્યકિતગત અકસ્માત વીમા હેઠળ રૂ.૧૨/- ના વાર્ષિક પ્રીમિયમમાંથી ખેડૂતના હિસ્સાના રૂ.૬/- રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. ૫૧ થી ૭૦ વર્ષની વચ્ચેના લાભાર્થીના વાર્ષિક પ્રીમિયમની સંપૂર્ણ રકમ રૂ.૧૨/- સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.


**૫) વ્યાજ મુક્ત ખેત ધિરાણઃ** ગ્રામ પંચાયત દ્વારા નક્કી કરવામાં આવેલ નબળાં જમીન વિહોણા ખેત મજૂરો અને ખેત પરિવારોને રૂ.૫૦,૦૦૦/- સુધીનું વ્યાજ મુક્ત ખેત ધિરાણ ઉપલબ્ધ કરાશે.

**રવી પાક વાવેતરમાં ૩.૪૧ ટકાનો ઘટાડો...........**



જાન્યુઆરી મહિનામાં પૂરા થયેલા અઠવાડિયામાં રવી પાકનું વાવેતરમાં ગયા વર્ષના વાવેતર વિસ્તાર કરતાં ૩.૪૧ ટકા જેટલો ઘટાડો થયો છે, કારણ કે ઓક્ટોબર થી ડિસેમ્બરના સમયગાળા દરમિયાન દુષ્કાળને કારણે કઠોળમાં મુખ્યત્વે ચણા અને હલકા ધાન્યના વાવેતરમાં ઘટાડો જોવા મળ્યો છે. કૃષિ વિભાગના તાજેતરના આંકડા અનુસાર, આ વર્ષે રવી પાકનું વાવેતર ૫૬.૪૪ મિલિયન હેક્ટરમાં થયુ છે, જે પાછલાં વર્ષના સમાન ગાળાના વિસ્તાર કરતાં ૧.૯૯ મિલિયન હેક્ટર ઓછું છે. દેશના મોટા ભાગના વિસ્તારોમાં રવી પાકનું વાવેતર લગભગ ૯૦ ટકા પૂર્ણ થયેલ છે, અથવા પૂર્ણ થવાના આરે છે, ત્યારે વાવેતરમાં વધારો થવાની શક્યતા નહિવત છે. ચણાના વાવેતરમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ મહારાષ્ટ્રમાં દુષ્કાળની પરિસ્થિતિને કારણે ચણાનું વાવેતર ઓછું થયું છે. મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાં નીચા ભેજના પ્રમાણને કારણે હલકાં

*Acknowledged the information used/taken from the public domain*




ધાન્યના વાવેતરમાં ઘટાડો નોંધાયો છે. ચણા હેઠળનો વાવેતર વિસ્તાર આશરે ૯.૩ મિલિયન હેક્ટર જેટલો છે. જે પાછલાં વર્ષ કરતાં ૧.૧૩ મિલિયન હેક્ટર ઓછો છે, જેમાંથી મહારાષ્ટ્ર એકલા રાજ્યમાંથી ૦.૬૧ મિલિયન હેક્ટર ઓછો છે. તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ઓછા વરસાદના પ્રમાણના કારણે રવી ચોખાના વાવેતરમાં ૨૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. દેશમાં ઓક્ટોબર અને ૩૧, ડિસેમ્બર-૨૦૧૮ ની વચ્ચે ચોમાસાના સમયગાળા દરમિયાન સામાન્ય વરસાદ કરતાં લગભગ ૪૪ ટકા જેટલો વરસાદ ઓછો થયો હતો. આ કારણ ઉપરાંત દેશના કેટલાંક ભાગોમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોવાથી રવી પાક વાવેતર પર અસર થઇ છે. મહારાષ્ટ્રના મરાઠાવાડા ક્ષેત્રમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય કરતાં ૨૨ ટકા ઓછું છે, જ્યારે ઉત્તર અંતર્દેશીય કર્ણાટકમાં આશરે ૨૯ ટકા અને રાયલસીમામાં ચોમાસું સામાન્ય કરતાં ૩૭ ટકા ઓછું છે. જો કે, રવી ઋતુમાં સૌથી વધારે અનાજ તરીકે ઘઉંનું વાવેતર ગયા વર્ષ કરતાં વધારે છે. ઘઉંનું વાવેતર ૨૮.૮૩ મિલિયન હેક્ટરમાં કરવામાં આવ્યુ છે, જે ગયા વર્ષના સમાન ગાળાના વિસ્તાર કરતાં ૧.૭ ટકા વધારે છે.

**નબળા ખેડૂતો માટે નીતિ-આયોગના વિસ્તાર આધારિત સહાયના પેકેજ પર સરકારની વિચારણા........**

નબળા ખેડૂતોને રાહત આપવાના સૂચનો પૈકી નીતિ



આયોગના સૂચનો પર સરકાર હાલ ગંભીર વિચારણા કરી રહી છે. આ દરખાસ્તની ખાદ્ય પર લઘુત્તમ અસર પડશે અને ઓછામાં ઓછું બજાર-વિકૃત રહેશે, એમ નીતિ આયોગના અધિકારીઓએ જણાવ્યુ હતું. વિસ્તાર આધારિત આવક વળતર (એબીઆઇસી) યોજના કહે છે, કે તેમની વાસ્તવિક કિંમત અને રાજ્ય આદેશિત લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) વચ્ચેનો તફાવત ચૂકવવો જોઇએ. આ મૉડેલ અનુસાર વળતર, પ્રતિ એકરના ધોરણે નક્કી કરવામાં આવશે, જે પાકની સિઝનમાં વેચાણપાત્ર સરપ્લસ અને ભાવોના જીલ્લા-સ્તરના અંદાજોનો ઉપયોગ કરીને કરશે. આ દરખાસ્ત હેઠળની ચૂકવણી દરેક જીલ્લા માટે અલગ હશે અને તેને સરળતાથી અમલમાં મૂકી શકાય છે કારણ કે પોતાના પોર્ટલમાં દેશભરમાં ૩૦૦૦ થી વધુ મંડીઓમાંથી દૈનિક ધોરણે ભાવ માહિતીની જાણ થાય છે. આ મૉડેલનો ઉપયોગ ભૂતકાળના નુકસાનને સરભર કરવા માટે પણ થઇ શકે છે કારણ કે એગમાર્કનેટ પોર્ટલ પાસે આગળના મહિનાની આવક અને ભાવની માહિતી પણ છે. આ પ્રકારની ચૂકવણી તે જીલ્લાઓમાં લાગુ થશે નહિ કે જ્યાં જાહેર વિતરણ પ્રણાલી હેઠળ સરકાર દ્વારા ખરીદી કરવામાં આવે છે કારણ કે આવી સ્થિતિમાં ભાવો ટેકાના ભાવથી નજીક હોય છે. ચૂકવણીની આ પદ્ધતિ ઉપજમાં વિવિધતા અને બજારોના ભાવના તફાવતની ધ્યાનમાં રાખશે અને તે બજારોમાં ભાવોની અસમાનતા ઓછી કરવા પ્રયત્ન કરશે.

આવક સ્થાનાંતરણના અન્ય મૉડેલોમાં હાલમાં તે વાત કરવામાં આવી રહી છે, કે પછી ભલે તે તેલંગાણાની રાયથું બધું હોય કે ઓરિસ્સાની ખેડૂતોની જીવનધોરણ અને આવકમાં વધારો કરવા કૃષક સહાય (કાલીયા) ની યોજના હોય ખેડૂતો દ્વારા વેચાયેલ અથવા કૃષિ પેદાશોના ઉત્પાદનના જથ્થાને ધ્યાનમાં લીધા સિવાય ચૂકવણી એક એકર દીઠ અથવા પ્રતિ કુટુંબના આધારે કરવામાં આવે. બધા જ ખેડૂતોને તેમની જમીન અને પાક ઉત્પાદનની બધી જ માહિતી એક ખાસ પોર્ટલ દ્વારા સરકારને આપવાની રહેશે. તેના વળતર સ્વરુપે પાકની કાપણી બાદ ટેકાના ભાવ અને વાસ્તવિક બજાર ભાવ વચ્ચેનો તફાવત પ્રત્યેક એકરના આધારે તેમને ચૂકવવામાં આવશે. આ ચૂકવણી ફક્ત તે જ પાક માટે લાગુ થશે કે જે પાક માટે કેન્દ્ર સરકાર ટેકાના ભાવો જાહેર કરે છે. આ મૉડેલ દ્વારા, ભૂતકાળમાં પણ ખેડૂતોને તેમના પાક નુકશાન માટે વળતર આપવામાં આવેલ છે અને તેનાથી કેન્દ્ર સરકાર પર સૌથી ઓછો ભાર આવે છે. એબીઆઇસી (અઇઇઇ) મૉડેલ મુક્ત બજાર પરિબળોની હિમાયત કરે છે અને તેમાં નિકાસની અસર થવાની નથી કારણ કે તેમાં ખેડૂતોને સીધું જ વળતર ચૂકવવામાં આવે છે. આ દરખાસ્તમાં રાહત પેકેજના ભાગરૂપે ટૂંકાગાળાની પાક લોનની સમયસર ચૂકવણી પર ખેડૂતોને

મફત પાક વીમો પણ આપવાની વાત છે. સરકાર, હાલમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ ખરીફ પાક માટે ૨ ટકા, રવી પાક માટે ૧.૫ ટકા અને બાગાયતી પાક માટે ૫ ટકા વીમાનો પ્રીમિયમ દર વસૂલ કરે છે. ટૂંકા ગાળાના ખેત ધિરાણ માટેની વ્યાજ સબસિડી અંતર્ગત કેન્દ્ર સરકારે ૨૦૧૮-૧૯માં રૂ.૧૫,૦૦૦ કરોડ ખર્ચ્યાં હતા. જો ખેડૂતોની તમામ ધિરાણ માફ કરવામાં આવે તો તે રકમ રૂ.૨૮,૦૦૦ કરોડ થઇ શકે છે. હાલમાં ખેડૂતોને ૭ ટકાના વ્યાજ દરે રૂ.૩૦૦,૦૦૦ સુધીનુ ટૂંકા ગાળાનું ખેત ધિરાણ મળે છે. ખેડૂતોને ધિરાણની તાત્કાલિક ચૂકવણી માટે ૩ ટકા વધારાના પ્રોત્સાહન સ્વરૂપે રાહત આપવામાં આવે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં સરકારે ખેડૂતોને રૂ. ૧૧ ટ્રિલિયન ધિરાણ આપવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. ગત વર્ષમાં ખેડૂતોને રૂ. ૧૦ ટ્રિલિયન ધિરાણ આપવાનો લક્ષ્યાંક પાર કરીને તે રૂ. ૧૧.૬૯ ટ્રિલિયન જેટલું ધિરાણ ખેડૂતોને આપવામાં આવેલ હતુ.

## માછલીનું ઉત્પાદન અને વપરાશ..........

ભારતના કુલ ઘરેલું ઉત્પાદન (જીડીપી) અને કૃષિ કુલ ઘરેલું



ઉત્પાદનમાં માછીમારી અને જળચર ઉછેર ઉત્પાદન અનુક્રમે આશરે ૫ ટકા અને ૧ ટકાથી પણ વધુ ફાળો આપે છે. ખાદ્ય અને કૃષિ સંગઠન (એફએઓ) ના અહેવાલ વિશ્વ મત્સ્ય ઉદ્યોગ અને જળચર ઉછેર, ૨૦૧૮ માં મુજબ ભારતમાં માથાદીઠ માછલીની વપરાશ (૨૦૧૩-૧૫ ની સરેરાશ) ૫ થી ૧૦ કિલોની વચ્ચે છે. જળચર ઉછેર, અંતર્દેશીય માછીમારી, દરિયાઇ અને દરિયાઇ મત્સ્યઉદ્યોગમાં સંભવિત માછીમારીના સંસાધનોને ધ્યાનમાં રાખીને અને નિકાસના વિસ્તરણના નોંધપાત્ર અવકાશને ધ્યાનમાં રાખીને ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના પશુપાલન, ડેરી અને મત્સ્ય વિભાગના મત્સ્ય વિભાગે માછીમારીના ઉત્પાદન અને ઉત્પાદકતાના વિકાસ સહિત, માછીમારોની આજીવિકા સુધારવા અને માછીમારોના કલ્યાણને સમજવા માટે મત્સ્ય ઉદ્યોગના એકંદર વિકાસ માટે નબ્લ્યુ ક્રાંતિ યોજના અંતર્ગત વિવિધ વિકાસની યોજનાઓ અમલમાં મૂકી રહી છે. આ ઉપરાંત આર્થિક બાબતોની કેબિનેટ કમિટિએ ૨૩ મી ઓક્ટોમ્બર, ૨૦૧૮ ના રોજ દેશમાં રૂ. ૭૫૨૨ કરોડના માછીમારી અને જળચર માળખાગત વિકાસ ફંડ (એફઆઇડીએફ) ની સ્થાપનાને મંજૂરી આપી દીધી છે કે જેથી માછીમાર બંદરો/માછલી ઉતરાયણ કેન્દ્રો, માછલી બીજના ખેતરો, માછલી ફીડ મીલો, રોગ નિદાન અને જળવાયેલી ક્વોર્ટેનિન સુવિધાઓની સ્થાપના, આઇસ પ્લાન્ટસ, કોલ્ડ સ્ટોરેજ, માછલી પરિવહન સુવિધાઓ, માછલી પ્રોસેસિંગ એકમો, માછલીના બજારો વગેરે જેવી કોલ્ડ સ્ટોરેજની માળખાકીય સુવિધાઓ વિકસાવી શકાય. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના પશુપાલન, ડેરી અને મત્સ્ય વિભાગના મત્સ્ય

| નાણાંકીય વર્ષ | ભંડોળ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૪૧૬.૮૦ |
| ૨૦૧૬–૧૭ | ૪૨૪.૧૧ |
| ૨૦૧૭–૧૮ | ૩૩૭.૫૩ |
| ૨૦૧૮–૧૯ (અંતિમ સુધી) | ૩૧૨.૮૦ |
| કુલ | ૧૪૯૧.૨૪ |

વિભાગે છેલ્લાં ત્રણ વર્ષમાં અને ચાલુ વર્ષમાં દેશમાં માછીમારીને પ્રોત્સાહન આપવા માટે ફાળવવામાં આવેલ વિવિધ યોજનાઓ હેઠળ આપેલ નાણાંકીય ભંડોળની માહિતી નીચે મુજબ છે.

માછીમારી અને જળચર માળખાગત વિકાસ ફંડ(એફઆઇડીએફ) ના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

- ❖ માછીમારી અને જળચર ઉછેર (ઉત્પાદન, પ્રક્રિયા, સંગ્રહ, પરિવહન અને માર્કેટિંગ) ઉપર ધ્યાન કેન્દ્રિત કરવુ.
- ❖ કુદરતી જળચર સંસાધનોનો ટકાઉ સંચાલન અને સંરક્ષણ કરવો.
- ❖ મત્સ્ય ઉદ્યોગમાંથી ઉત્પાદન અને ઉત્પાદકતાને મહત્તમ/શ્રેષ્ઠ કરવા માટે બાયોટેકનોલોજી સહિત સંશોધન અને વિકાસના આધુનિક સાધનોનો ઉપયોગ કરવો.
- ❖ માછીમારી માટે આધુનિક માળખાકીય સુવિધા પૂરી પાડવી અને તેમના અસરકારક સંચાલન અને મહત્તમ ઉપયોગની ખાતરી કરવી.
- ❖ માછીમારીના ક્ષેત્રમાં સ્ત્રીઓને તાલીમ આપવી અને સશક્ત બનાવવા અને નોંધપાત્ર રોજગારીનું સર્જન કરવું.
- ❖ ખોરાક અને પોષણ સુરક્ષા તરફ માછલીનો ફાળો વધારવો.

Book Post

To,

DOI : 00.00.2019

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni Press